ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૩/૨૧-૨૨/ 660 તારીખ : 24 FEB 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૩/૨૧-૨૨

પ્રતિ,
**શ્રી વલ્લભભાઈ રાણાભાઈ વળીયા,**
**પ્લોટ નં-૪, વળીયા હાઉસ,**
**ઉદય ફલેટ સામે,જદરા રોડ,**
**મું.મહુવા,**
**જી.ભાવનગર.**

મો.નં- ૯૪૨૬૬ ૫૧૮૦૦/ ૯૯૭૯૧ ૬૬૦૦

**વિષય : ફાસ્ટ મીટર ના ભરેલ બિલ ની રકમ પરત મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૫/૦૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૭/૦૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૧-૨૨/૩૪૭ તા.૩૧/૦૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૧-૨૨/૪૩૫ તા.૦૫/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૬/૦૨/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા** વિભાગીય કચેરી, **મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૩/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી વલ્લભભાઈ રાણાભાઈ વળીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૬/૦૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– શ્રી વલ્લભભાઈ રાણાભાઈ વળીયા (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી બી.એમ. કવાડ, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી મહુવા
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી વલ્લભભાઈ રાણાભાઈ વળીયા, મું.મહુવા, જી.ભાવનગર ની ફાસ્ટ મીટર ના ભરેલ બિલ ની રકમ પરત મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૩/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૧–૨૨/૩૪૭ તા.૩૧/૦૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૬/૦૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી વલ્લભભાઈ રાણાભાઈ વળીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફ શ્રી બી.એમ. કવાડ, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી વલ્લભભાઈ રાણાભાઈ વળીયા, પ્લોટ નં–૪, વળીયા હાઉસ, ઉદય ફલેટ સામે, જાદરા રોડ, મહુવા રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમો સદર સ્થળ પર ઘર વપરાશનું થ્રી ફેઈઝ ફોર વાયર ૭ કેવી કનેકશન માં સોલાર ફીટીંગ કરેલ છે. તેનું અમોને વળતર મળેલ નથી.

૧.૩ અમોએ તા.૦૨/૦૧/૨૦૨૦ ના રોજ સોલાર ફીટીંગ કરેલ. ત્યારબાદ, તા.૨૨/૦૨/૨૦૨૦ ના રોજ પ્રથમ બિલ આપેલ. જે ઘર બંધ હોવા છતાં, વધારે બિલ આપેલ.

૧.૪ ત્યારબાદ, બીજું બિલ તા.૧૬/૭/૨૦૨૦ ના રોજ ૧૪૫ દિવસ પછી આવેલ. કારણ પૂછયું કે, પીજીવીસીએલ પાસે બિલ બુક ના હોવાથી મોડું આવેલ, તેવો જવાબ આપેલ છે અને જે બિલ રૂા.૨૫,૩૦૯/– નું આપવામાં આવેલ તો તે દરમ્યાન, મારા સોલાર યુનિટ કયાં ગયા ?

Grievance R... P.G.V.C.L. Bhavnagar Consu...

૧.૫ બિલ આવતા ની સાથે જ મારૂં મીટર બદલવાની અરજી બીજા દિવસે તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ આપેલ છે. ત્યારબાદ,પીજીવીસીએલ પાસે મીટર પણ ન હતા. તા.૧૪/૮/2020 ના રોજ નવું મીટર ફીટીંગ કરેલ છે. ત્યારબાદ, ના તમામ બિલ આપશ્રી જોઈ શકો છો કે, પેમેન્ટ જમા આવે છે. એનો અર્થ એ કે, આપનું જુનું મીટર ફાસ્ટ ફરતું હતું.

૧.૬ સદર બાબતે જીણવટ થી તપાસ કરી અમોને યોગ્ય ન્યાય આપવાનો હુકમ કરવા વિનંતી છે. અમારૂં ભરેલ પેમેન્ટ રૂા.૨૫,૦૦૦/– અમોને તાત્કાલીક રીફંડ આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક નું નામ – શ્રી વલ્લભભાઈ રાણાભાઈ વળીયા,

ગ્રાહક નંબર – ૩૭૧૦૪/૧૧૪૭૯/૩

કેટેગરી – RGPU

રીલીઝ તારીખ – ૧૦/૦૭/૨૦૧૩

૨.૨ વાદીશ્રી વલ્લભભાઈ રાણાભાઈ વળીયાનું થ્રી ફેઈઝ વિજ કનેકશન તા.૧૦/૭/૨૦૧૩ ના રોજ રીલીઝ કરેલ હતું.

૨.૩ વાદીશ્રી દ્વારા સદર વિજ કનેકશન પર સોલાર લેવા માટે તા.૪/૧૦/૨૦૧૯ ના રોજ અરજી કરેલ હતી અને મહુવા ટાઉન કચેરી દ્વારા સદર સોલાર કનેકશન તા.૨/૧/૨૦૨૦ ના રોજ રીલીઝ કરેલ છે. જેનો પ્રફોર્મા–૧૫ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૪ વાદીશ્રી ની સોલાર વિજ કનેકશન ની અરજી આધારે તેમનું વિજ મીટર તા.૨/૧/૨૦૨૦ ના રોજ PG-382805 બદલી અને સોલારનું બાયડાયરેકશન મીટર નં–UGBTP-005460 અને જનરેશન મીટર લગાડેલ હતું.

૨.૫ વાદીશ્રી નું સદર વિજ મીટર PG-382805 લેબમાં તા.૦૭/૦૧/૨૦૨૦ ના રોજ તપાસણી કરેલ અને મીટર માં રીડીંગ ૯૧૬૮ આવેલ છે. લેબ રીપોર્ટ ની નકલ આ સાથે સામેલ છે.

૨.૬ વાદીશ્રી ની ફાસ્ટ મીટર ની અરજી ના અનુસંધાને તેમનું બાયડાયરેકશન મીટર UGBTP-005460 તા.૧૪/૦૮/૨૦૨૦ ના રોજ બદલેલ હતું અને નવું મીટર PGBTP-009292 લગાડેલ હતું. જેનો પ્રફોર્મા નં–૧૫ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૭ સદર બાયડાયરેકશન મીટર UGBTP-005460 વાદીશ્રી ના પ્રતિનિધિ શ્રી જયેશભાઈ રાણાભાઈ વળીયા ની ઉપસ્થિતિમાં લેબોરેટરીમાં સદર મીટર ની તા.૧૮/૮/૨૦૨૦ ના રોજ તપાસણી કરેલ છે. અને સદર લેબ રીપોર્ટ મુજબ નિર્ણય પેન્ડીંગ આવેલ છે. કારણ કે, અરજદાર દ્વારા મીટર ના MRI ની માંગણી કરેલ હતી.

૨.૮ ત્યારબાદ, સદર મીટર UGBTP-005460 ના MRI રીપોર્ટ મહુવા ડિવિઝનલ લેબોરેટરી પત્ર નં– એમએચ વીડી/લેબ/૫૧૧૧ તા.૩૧/૮/૨૦૨૦ થી પેટા વિભાગીય કચેરી મહુવા ટાઉન ને આપેલ હતો અને સદર રીપોર્ટ OK આવેલ હતો. જે MRI રીપોર્ટ ની નકલ આ સાથે સામેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L.

૨.૯ વાદીશ્રી ના પ્રતિનિધિ ને અત્રેની કચેરી ના જુ.ઈ.શ્રી એચ.આર.ખસીયા દ્વારા સદર મીટર ના MRI રીપોર્ટ વિષે રૂબરૂ સંપૂર્ણ માહિતગાર કરેલ હતા.

૨.૧૦ વાદીશ્રી ને મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–૪૬૧૩ તા.૯/૯/૨૦૨૦ ના રોજ તેમની ફાસ્ટ મીટર ની અરજી ના અનુસંધાને સંપૂર્ણ જવાબ આપેલ હતો. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૧૧ આમ, વાદીને આપવામાં આવેલ બિલ યોગ્ય છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી નું વિજ મીટર નં–૩૮૨૮૦૫ તા.૭/૧/૨૦૨૦ ના રોજ મહુવા લેબમાં તપાસણી કરેલ છે. જે રીપોર્ટ અનુસાર મીટર માં ૯૧૬૮ રીડીંગ દર્શાવેલ છે.

૩.૨ વાદીશ્રી દ્વારા સદર મીટર નં–UGBTP-005460 ના MRI રીપોર્ટ મહુવા ડિવિઝનલ લેબોરેટરી પત્ર નં–એમએચવીડી/લેબ/૫૧૧૧ તા.૩૧/૮/૨૦૨૦ થી મહુવા સબ ડિવિઝન તથા વાદીશ્રી ને તેની નકલ આપવામાં આવેલ હતી. જે MRI રીપોર્ટ મુજબ મીટર OK માલૂમ પડેલ છે.

૩.૩ વાદીશ્રી દ્વારા કરવામાં આવેલ ફાસ્ટ મીટરની અરજી અનુસંધાને મહુવા ટાઉન સબ ડિવિઝન દ્વારા પત્ર નં–૪૬૧૩ તા.૯/૯/૨૦૨૦ થી જાણ કરેલ છે.

૩.૪ તમામ આધારભૂત પુરાવાઓ, બિલીંગ રેકર્ડ, તેમજ સોલાર જનરેશન યુનિટ નેધ્યાનમાં લેતા ફોરમનું તારણ છે કે વાદી શ્રી વલ્લભભાઈ રાણાભાઈ વળીયા ને આપવામાં આવેલ બિલ યોગ્ય છે અને તે બિલ વાદીએ ભરવાપાત્ર છે. અરજદારની ફરિયાદ મુજબ કોઈ યુનિટ બાદ આપવાપાત્ર રહેતા નથી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૧૬/૦૨/૨૦૨૨.